Azadi Ka Amrit Mahotsav

જા.નં - મા-૨/૧૦૬૨૧.
જિ.શિ.અધિ. કચેરી, સુરત
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૨૨/૦૭/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ
સરકારી, અનુદાનિત, બિન અનુદાનિત ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ તમામ,
જિ - સુરત.

વિષય:- ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે તારીખ ૨૧મી. જુલાઇ ગુરુપૂર્ણિમા મહોત્સવ છે. આ દિવસે આધ્યાત્મ અને ભારતીય સંસ્કૃતિમાં ગુરુ પૂજનનું મહત્વ અનેરૂ અને આગવું છે. શાળામાં ગુરુ અને શિષ્યનો સંબંધ વર્ષોથી પવિત્ર અને આદરનો રહેલો છે. આ બાબતથી શાળાના વિદ્યાર્થીઓ ગુરુ શિષ્ય સંબંધ અને ગુરુપૂજનના મહત્વથી વાકેફ થાય અને વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિકતા અને ભારતીય સંસ્કૃતિ/સંસ્કારોનું સિંચન થાય તે હેતુસર ૨૧મી. જુલાઇને રવિવાર રજાનો દિવસ હોવાથી તારીખ ૨૨/૦૭/૨૦૨૪ થી તારીખ ૨૭/૦૭/૨૦૨૪ સુધીના દિવસો પૈકી એક દિવસે શાળાના સંમેલનમાં શાળા સમયે ગુરુવંદના/ગુરુપૂજન મહોત્સવની ઉજવણીનું આયોજન કરવા જણાવવામાં આવે છે. આપણે સૌ સાથે મળીને ગુરુવંદના/ગુરુપૂજનનું આદર સહવંદન કરીએ અને ભારતીય સંસ્કૃતિનું જતન કરીએ. તે માટે તમામ શાળાઓને જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત